# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-08-2025 Day: Monday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં ડેમોની સ્થિતિ:

રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા જારી કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર રાજ્યના ડેમોમાં સાથી ઓછો જળસંગ્રહ કચ્છના ડેમોમાં થયો છે. સરેરાશનો 64 ટકા વરસાદ વરસી ચુકયો હોવા છતાં મધ્યમ સિંચાઈના 20 પૈકીના 10 ડેમ એવા છે કે, જેમાં 50 ટકાથી ઓછો જળનો જથ્થો સંગ્રહિત છે. જિલ્લામાં મધ્યમ સિંચાઈના 20 ડેમમાં 325.26 મિલીયન ક્યૂબિક મિટરની કુલ જળસંગ્રહ ક્ષમતા સામે હાલ 179.21 મિલીયન ક્યૂબિક મિટર જળનો જથ્થો ઉપલબ્ધ છે. બે રાઉન્ડમાં થયેલા વરસાદના કારણે 20 પૈકીના છ ડેમ પૂર્ણ ભરાયેલા છે. પૂર્ણ ભરાયેલા ડેમોમાં નિરોણા, ડોણ, કંકાવટી, કાલિયા, કારાઘોઘા, બેરાચિયાનો સમાવેશ થાય છે. મથલ, મીઠી, ગજણસર, એવા ડેમ છે કે, જેમાં 80 ટકાથી વધુ જળરાશી છે. મધ્યમ સિંચાઈના ચાર ડેમ એવા છે કે, જેમાં 30 ટકાથી ઓછું પાણી બચ્યું છે. આ ચાર ડેમમાં રૂદ્રમાતા, સાન્ધ્રો, નાર અને કાસવતીનો સમાવેશ થાય છે, તો ગોંધાતડ, ભૂખી, જંગડિયા, ફતેહગઢ, ગજોડ અને સુવઈ એવા ડેમ છે કે, જેમાં 50 ટકાથી ઓછો જળનો જથ્થો હાલ સંગ્રહિત છે.

---------------------------------------------------------------------------------------------

## લમ્પી વાયરસ :

કચ્છમાં ફરી એકવાર લમ્પિ વાયરસે દેખા દેતાં પશુપાલકોમાં ચિંતા ફેલાઇ છે. પશુપાલન વિભાગે આગોતરી તૈયારીના રૂપે રસીકરણની સાથે જ્યાં સારવારની આવશ્યકતા છે ત્યાં જરૂરી વ્યવસ્થા ગોઠવવાની શરૂ કરી દીધી છે. રાજ્યના પશુપાલન વિભાગની ટીમ દ્વારા બે દિવસ પૂર્વે ભુજ ખાતે બેઠક યોજી કચ્છમાં લમ્પિ વાયરસના સંભવિત ખતરાને ટાળવા માટે સઘન સર્વે ઝુંબેશ અને રસીકરણ અભિયાન હાથ ધરવા કહ્યું હતું, જે અંતર્ગત રાપર, મુંદરા,

અંજાર અને ગાંધીધામ તાલુકાના ગૌવંશમાં લમ્પિ વાયરસના એકલ-દોકલ કેસ સામાન્ય લક્ષણ સાથે જોવા મળ્યા હતા. પશુપાલનવિભાગ દ્વારા રિંગ વેક્સિનેશનની કામગીરી જિલ્લાના અલગ-અલગ વિસ્તારમાં હાથ ધરાઈ છે, જ્યાં જરૂર જણાય ત્યાં સારવાર માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

---

## ભચાઉમાં અકસ્માત:

ભચાઉ તાલુકામાં વોન્ધથી રામદેવપીર તરફ જતા નેશનલ હાઈવે પર આજે એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. ગાંધીધામ તરફથી આવતું કન્ટેનર ટ્રેલર અચાનક નિયંત્રણ ગુમાવતાં બે બ્રિજની વચ્ચેની ખાલી જગ્યા પર દીવાલ તોડી લટકી ગયું હતું. આ દુર્ઘટનામાં સદભાગ્યે ડ્રાઈવરનો ચમત્કારી બચાવ થયો છે. અકસ્માતની સૂચના મળતાં જ સ્થાનિક તંત્ર દ્વારા ઘટનાસ્થળે પહોંચી કામગીરી શરૂ કરવામાં આવી હતી. હાલ ક્રેન વડે ટ્રેલરને બહાર ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અકસ્માતને કારણે હાઈવે પર વાહનોની અવરજવર પ્રભાવિત થઈ છે.

---

## કચ્છમાં વરસાદી ઝાપટુ:

શ્રાવણ માસના બીજા સોમવારે કચ્છમાં કેટલાક સ્થળોએ વરસાદી ઝાપટું પડયું હતું. પૂર્વ કચ્છના ભચાઉ, રાપર, ગાંધીધામ અને  અંજારમાં વરસાદી ઝાપટાના કારણે માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા.. જ્યારે પશ્ચિમ કચ્છના મુન્દ્રા અને માંડવીમાં ઝરમર વરસાદ પડ્યાના અહેવાલ છે. તો જિલ્લા મથક ભુજમાં પણ સવારે સામાન્ય વરસાદી ઝાપટું પડ્યું હતુ. રાપર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં સવારના ભાગે વરસાદી વાતાવરણ સર્જાયું હતું. જિલ્લામાં આજે દિવસભર ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું તે વચ્ચે કચ્છમાં કેટલાક સ્થળોએ વરસાદ પડતા સામાન્ય ઠંડક પ્રસરી ગઇ હતી.

---

## ભારત-ઈંગલેન્ડ ટેસ્ટ:

ભારતે ઇંગ્લેન્ડની ટીમને પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં 6 રનથી હરાવી રોમાંચકારી જીત મેળવી છે. આ સાથે પાંચ ટેસ્ટ મેચની શ્રેણીને બે બે મેચથી સરભર કરવામાં ભારતે સફળતા મેળવી છે. લંડનનાં ઓવલ મેદાન પર રમાયેલી મેચમાં ભારતે બીજા દાવમાં 396 રન કરી જીત માટે 374 રન નું લક્ષ્ય આપ્યું હતું.

ભારતના બોલરોની ઝડપી બોલિંગને લીધે ઇંગ્લેન્ડની ટીમ 367 રન કરી શકી હતી. મેચ અંત સુધી  રસાકસી ભરી રહી હતી. મહમદ સિરાઝે બીજા દાવમાં પાંચ વિકેટ ઝડપી ભારતને રોમાંચક  વિજય અપાવ્યો હતો પાંચ ટેસ્ટ મેચ પૈકી ચોથી ટેસ્ટ ડ્રો થઈ હતી.

---

## યોગાસન સ્પર્ધા:

કચ્છ યોગાસન સ્પોર્ટસ એસોસીએશન દ્વારા  આદિપુરમાં આવેલી મૈત્રી વિદ્યાલયમાં જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધા યોજાઈ હતી.  આ સ્પર્ધામાં ત્રણ વયજૂથમાં દસ વિવિધ પ્રકારની પ્રતિયોગિતા યોજાઈ હતી. વિજેતાઓને મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવેલા. કલા યોગ ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય યોગબોર્ડના સહયોગથી આ પ્રતિયોગિતા યોજાઈ હતી. એશિયાડ રમતોમાં યોગાસન રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કચ્છમાંથી પણ શ્રેષ્ઠ યોગ રમતવીર-વીરાંગનાઓનું કૌશલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પ્રદર્શિત થઈ શકે તે માટે આયોજન કરાયું હતું.

---

## સેના જવાનનું સન્માન:

સેનામાં 21 વર્ષની સેવાઓ આપી પરત પોતાના વતન ફરેલા સેનાના જવાન દીલીપકુમાર ભાટિયાનું ગામમાં વાજતે ગાજતે સામૈયું કરાયું હતું. રાપર તાલુકાના બેટના વતની દિલીપકુમાર પોતાની 21 વર્ષની સેવા દરમિયાન  ધ્રાંગધ્રા, પોખરણગઢ, ઉરી સેક્ટર,

મદ્રાસ, અમરનાથ યાત્રીઓની સુરક્ષા માટે કિશ્તવાડ, લેહ-લદાખ સહિતના સ્થળોએ ફરજ બજાવી હતી.

---------------------------------------------------------------------------------------------------